હંસાકુમારી

નાટકનાં ગાયનો.

શ્રી લક્ષ્મિંવિલાસ નાટક કંપનીને માટે.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,

ઢોરડદાસ ભાઇચંદ આમલીવાળા.

[illegible] ૧ લી, પ્રત ૧૦[illegible]

અમદાવાદ.

[illegible] પ્રેસ.

(૦૫) ૭૪૪૩

હંસાકુમારી નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

(નેપથ્યમાંથી)-- સાખી. ૧

શરણું શ્રી ઘનસ્યામજી તવ લૈને મમ શીશ,
પ્રારંભ કરૂછું નાટયનો લજ્યા રાખજે ઇશ,
પ્રાશ્ચિત જે મમ હોયતે અવિનાશી કર નાશ,
બ્રદ વિચારી નીજનું પુર્ણ કરો મમ આશ,

બાળકીઓ.-- ૨

શ્રી ગણપતિને નમન કરીએ. (૨)
ચરણે તમારે છૈયે બાળક પાળક શરણે લેજો,
જાણી દાશ પુ . આશ વિનતી કરીએ. શ્રી.

શંભુ સુત પુર્ણ કરો કામ, હમને તમારી છે હામ,
રટીયે સદા આપ નામ દુંડાળા દેજો વિશ્રામ.
રૂમક ઝુમક ઠુમ પાયજ ધરતા છુમ છનનં કત કથિંના.
ધિધિકિટધ્ધિત્તા, તકધિલાંગ ધિધિકટ છુમ ફરીએ. શ્રી.

દરબારીઓ.-- ૩

સાહે કરો મોરલી ધારી, આ નૃપને હરદમ કારી.
શુમતિ આપો હે ધનશ્યામ, કુમતિ ટાળો દઈ વિરામ,
પુરો એના મનના કામ,
સુખ શાંતા, દયોત્રાતા, છો દાતા, પિતુ માતા,
પ્રેમ ભરતા,
ધર્મનિતિ ધારી રાય નેક નામ સત્ય ન્યાય,
અજા વાઘ ભેધા ખાય દવીજ ધેનું તણા સાહે,
છો શુધ્ધ વિરનર ધીર ધીર જયકર પ્રીયકર સુખકર
નટવર ઇશ્વર વંદે ચરણમાં દરબારી. આનૃપને.

તખ્તસીંહ-- ૪

ક્ષત્રી શુરારે, હો, અવની માંહે નથી કોઇ શું.
શું પુર્વજ રજપુત તણાએ ટેક નથી વરતાવ્યા,
રણમાં જીત કરીને નથી શું વીજયધ્વજ ફરકાવ્યા. ક્ષત્રી.
શું તુરકોના તોર કદી પણ રજપુતે સાંખ્યા છે,
શબ્દ ઉચરતા પહેલાં તેનાં શીર છેદી નાંખ્યાં છે. ક્ષત્રી.
મેડકશું મણીધરને માથે મસ્તાનું થઇ ડોલે,
અજા બાપડી ગજના સામું શું ઊભી રહી બોલે. ક્ષત્રી.
જેમ પ્રથુએ શાહબુદીનના પ્રાણ આખરે લીધા,
તેમજ એ તોરી તુરકોને કરૂં પલકમાં સીધા. ક્ષત્રી

સર્વેસીપાઈ— ૫

સભી બહાદુર જવાન ચલો લેને હંસા પ્યારી જાનકુ.
હુવા સરપે હુકમ ચલો લેને હંસા પ્યારી જાનકુ.

બલમખાં— સભી શૂરે સરદાર, રહેના ચાલાકી સે યાર.
જાફરખાં— કરના દુશ્મીન કો ઠેર, લેકે હાથમેં સમશેર,
જાલમખાં— જાકે શ્વયંવરમે છુપ,
કરીમખાં— વહાં રહેના ચુપ ચુપ,
રસુલખાં- ચુપ ચુપ કરતુ ભાઇ, કોઇ સુનેગા યાંહી,
સર્વ સીપાઇ-- રખ કબજે તું અપની જબાન કુ સભી.

મુસ્તફાખાન— ૬

ઇલાજ કુચ્છ નહીં ચલતા હયે, અબ કરના કયા બીચાર,
ઇજત મેરી જાયગી યા પરવર દીગાર, ઇલાજ.
પહેરા હયે મજબુત રજપૂત લોકુંકા ઇધર,
મુરાદ હાંસીલ કયસે પાવુ હો ગયા બેજાર. ઇલાજ.

લાલન— ૭

આતી મેં જાતી ખાતી બીડા પાન.
અયેસે પ્યારો પે મેં જાવું કુરબાન, લાલન મેરા નામ.
મે હું રંગીલી માલનીઆં. (૨)
હાથો મેં પીંજરા ગુલ્લાબકી છડી, ભરીતો બજારમેં
ધુમતી ચલી. કરૂં સબકુ ગુલ્તાન. મેંહું.
જોબનકા બાહાર ખુબ નખરા કમાલ,
રૂમક ઝુમકું ધુંમ ચલતી હું ચાલ, કયસે હયે ગોરે ગાલ. મેહું

લાલન— ૮

ધરદો પેસા પ્યારે ધોકામત રખો દીલદારે.
કરદઉંગી મેં બે કરારે દીજે અસરફીઆં દીજે અસરફીઆં.
લાલન મેરા નામ પેસા લેકે કરતી કામ.

ઘરદો કીયા હયે જો દામ. સુની લીજીએ મીઆં, સુની લીજીએ મીયાં
જલ્દ નીકાલો ડરકો ડાલો. કંજુસ મતહો, અસરફીઆં દો.
તળવો લાડી, મીલાવું વાડી, ઘરલે જાવો મઝા ઉગાવો. ઘર.

લાલન-- ૯

ચલો જલ્દીસેં પ્યારા, લે જાઉં મેં તુમકો દીલદારા ચલો.
રખના દીલમેં પુરી હામ, મીલા દઉંગી દીલારામ.
લે જાઇએ આસમાનકા તારા, પ્યારા મેરા હોના, ચલો.
રહેના સ્વયંવરમેં છુપ, જાના ઇશ્વરસે ગુપ ગુપ.
હોના મત એક એકસેં ન્યારા, ઉઇ ઉઇ, હોના. ચલો.

સીપાઇઓ—બહા લાલનકા નખરા, દીલકુ હમારા એ પકડા,
કયેસી નરમ નરમ ચાલ, કયેસે ગોરે ગોરે ગાલ.
અજબ હે ઉસ્કા યે નખરા, ઉઇ ઉઇ, અજબ, ચલો.

કંચનીઓ— ૧૦

આહ આશી બની શોભા મંડપ તણીરે,
રસીક રૂડા જડયા લીલમ મણીરે.
માળીડે તોરણુ બાંધીયાંરે, મોતીના ઠામો ઠામ,
હીરા માણેકને રત્ન જડીયાં, કનક ચોક તમામ.
સ્વર્ગ ભુવન સમધામ, અજબ કારીગીરી કામ,
ઇંદ્રપુરી છે તમામ, દેખી પહોંચે દીલની હામ,
સ્થંભે સ્ફટક મણી, ચુનીયો માંહે ચણી.
છે રસીક શોભા ઘણી મંડપ તણીરે. આહા.
નૃપ પધાર્યા દેશો દેશના, જાણે કેશરીઆ કાન.
એક એકથી છે અધીક રૂપાળા, બહાદુર બંકાનીધાન.

ચૌદ વિદ્યા ગુણ જાણ, સુંદીર થયા છે બીરાજમાન,
જોડી હંસા બા સમાન, થાસે હસે ભાગ્યવાન.
હંસા બા બણી ઠણી, ભાળે છે ભુપ ભણી,
છે ઉમેદ વરવા તણી, મંડપ તણીરે. આહા.

હંસા— ૧૧

પ્યારા પીયુ વધાવુંરે. (૨)
સુંદર સ્વયંવરની અંદર અરપુ છું વરમાળ. પ્યારા.
વધાવું મોતી થાળ, મારા પ્યારા અરપુ પુષ્પ માળ,
હર્ષ લાવીરે, હર્ષ લાવીરે. સુંદર.

સર્વસભા— ૧૨

જય જગત ધારી કીધી જયકારી,
સરસ ભીન્ન ભીન્ન સુજ્ઞ સજન મળી,
અતી આનંદ ઉર ઉભરી જાય છે ઢળી,
તક ધીલાંગ તક ધીલાંગ ધીધીકિટ,
ધીધીકિટ ત્રીકુટી તાળ વાજે ન્યારી ન્યારી. જય.
સુંદીર શબ્દ શુર ગાય મધુર ગતી,
મીઠી મૃદંગ રંગવાજે અદ્‌ભૂત કૃતિ.
છોમ છનાક છોમ છનાક છીછીછક છીછીછક
છુમક છૂમ નાચેનટ ધારી. જય.

**તખ્તસીંહ—
વિજયસીંહ—** ૧૩

બાંધો બાંધો નીચ પાપીઓને ને એ એએ,
શરમ શરમ નીચ નફ્ટ અધમ ફ્ટ પકડીને જકડીલ્યો —

ક્ષેન્તા ક્ષેન્તા કરવી એ નીચ પાપીઓની.
દુષ્ટ ક્રુર બીક ધારી નહીં રાઠોડોની, કરતાં કપટ થયું ચપટ તમારૂં અહીં.
કરી નાંખુ ટુક ટુક છોડુંજ કદાપી નહીં. બાંધો.

સર્વે— ૧૪

ફટકાવો ચાબુક લઇ લઇ ફટકાવો;
નીચ દગા ખોર દુષ્ટ પાપીઓને મારો, સનન સનન સટકાવો; ફટ.
ક્રોધ થકી કકડી જકડીને છબક છબક મારો પકડીને,
ભારે ગુન્હેગાર થયા છે દયા નહીં લગાર.
મારો સૌહારો જધાવો; ફટ.

૧૫

સર્વે- ફટકારો આ વાર સૌ મળી મારો માર. હાં,
કરીમ રસુલ-- અરરર બસ બસ,
સર્વે— ખબડદાર રહે ચુપ, ફટ.
જાલમખાં— બસરે માવડી,
કંચની— ચુપ ચુપ ચુપ ચુપ,
કરીમજાલમ-રસુલ- ઇધિર આઓ મુસ્તફાખાન,
મુસ્તફાખન— કહાંહે ઇંવર ચુપ હેવાન. ફટ.
ત્રણ સીપાઇ— માફ કરો અબ ઓર,
સર્વે— ચુપકર ગધ્ધા મતકર શોર.
ત્રણેસીપાઈ— અરરરર બસ બસ બસ બસ બસ,
કંચનીઓ- ક્યુંજી હોતે હો ફસ ફસ,
— આઓ આઓ ઇધર સરદાર,

મુસ્તફખાન-- ચુપકર કાંહે ચુપ ગમાર,
ત્રણે-- અરે આઓ આઓ તુમયાર,
મુસ્તફાખાન— નહીં દીખા જાતાહે માર.
રસુલ કરીમ-- દેખો વોહ ખડા હયે મલ્લ,
મુસ્તફાખાન— અરરર અલ્લાહે ફજલ,
ત્રણે— દોજી ઉસ્કો અબ સજા,
મુસ્તફાખાન— હાય હાય આય પડી કજા.
તખ્તસીંહ-- લાવો પકડીને આ વાર,
મુસ્તફાખાન-- ઓ યાહ પરવર દીગાર ??
સર્વ-- ફટકારો આ વાર, સૌ.
ત્રણે-- ઓ બસરે બાવા,
સર્વ— ફુસજ આવા.
મુસ્તફાખાન— અલ્લાહ તોબા,
સર્વ— દયો ખુબ ચોબા.
જાલીમખાંન— હલકે બાવા,
સર્વ— દયો પસ્તાવા,
મુસ્તાફાખાન— હલકે મારો મેરી માવડી,
સર્વ— અબ કયું હોતા ગરીબ ગાવડી,
તખ્તસીંહ— ચાબુક બોલો,
સર્વ— સચ્ચા બોલો.
મુસ્તફાખાન-- લાલનને દાખીલ કીયા હે બાવાજી દાખીલ કીયા હુયે,
તખ્તસીંહ— કોનસી લાલન,
મુસ્તફાખાન— જો હયે માલન,
સર્વ— કહાં ખડી હયે,

ચારે જણ— થેહ પડી હયે,
સર્વ— કેમ પાપણી આમ કર્યું તે,
લાલન— માફ કરોને જખ મારી મેં.
સર્વ— અરે દુષ્ટણી આશું કીધું,
લાલન— જાણી જોઇ દુઃખ હોરી લીધું.
સર્વ— મારો જોરથી એ રંડાને,
વિદુશક— શું જુવોછો લો ડંડાને, ૬૮.

કંચનીઓ- }
દરબારીઓ- } ૧૬

ખીલી ચંદની શી ચીત્તહર આજ સુંદીર સજનીરે,
વ્યાપે શીતળતા મનમાંજ, રમો અહીં રજનીરે.
તાળી જીલો લટકે લટકાળી, ખટકે મધૂર ગીત ગાઓરે,
રૂમ ઝુમ ઠુમ ચંચળ ચાલ ચાલી, આનંદ હેલીન્હાઓ; સુંદીર.
ચંદ્ર ચડયો આકાસમાં, પૂર્ણ કળા પ્રફૂલ્લિત,
શીતળતા વ્યાપે અતિ, સાંતી પ્રસારેજ ચિત્ત,
હળી મળી હેતે પ્યારી, ગાવો ગરબેજ નારી.
સોળે શણગાર સજો હરનિશ, અંબોડે પુષ્પ વેણી શીશ.
ન્યારી ન્યારી નંગ જડીત્ર બત્રિસ, પ્યારી પ્યારી માહે ચુની ચમકીત
સારી સારી સાડીઓ શુશોભિત, ધારી ધારી હર્ષ ધરો નિતનિત.ખીલી
વસ્ત્ર આભૂષણ સજી, સરવે સખી સુભ રીત,
કંઠે કોકિલ સવક્ષ, ગાવો મધૂરાં ગીત.
નાચો તક થેઇ થેઇ સાહેલીઓરે, રૂડા લટકા કરીને
અલબેલીઓરે, નાચો.
રચના રસીકે બની સજની સ્વયંવરની.
આજ છે આનંદની હેલીઓરે. નાચો.

સખીયો— ૧૭

આનંદ થયો આજે. (૨) સાહેલી મોરીરે. આનંદ.
હંસા કુમારી રાણી, થયાં નૃપની પટરાણી;
બે પ્રસવ્યા બાળ રસાળ, છે રૂપ અતી રઢીઆળ,
જાણે પ્રગટી જ્યોતી ઝાળ, વાજીંત્ર રૂડા વાજે. આનંદ.
ભાગ્ય ભાનું પ્રગટ્યો આજે, થયાં માહારાજનાં કાજે,
છે અંગ ઉમંગ અપાર, દીપી રહ્યા રાજ દરબાર,
સૌ શોક ટળ્યો આ ઠાર, ગંભીર નાદ ગાજે. આનંદ.
માહારાજા એ જગમાં ભારી, પ્રસારી છે કીર્ત્તિ સારી,
છે તખ્તસીંહ બલીહારી, હીંમત મનમાં બહુ ધારી.
સહુ આવ્યા જયને નારી, મંગળકારી આજે. આનંદ.

હંસા-- ૧૮

ઝુલો ઝુલો રે કોડીલા કુંવર પાલણે,
વહાલા વિલાસચંદ્ર કેરી મારી જોડ પોંહોંચાડચા કોડ, કલોલ કરતાં દેખી લાડકવાયા બાળને, અલો લો લો હાલ્ય હાલ્ય. ઝુલો.
મારૂં ડાહ્યું દંમકડું છે દીકરૂં રમવા રમવા રમકડું, તમને બચીઉં લેતાં અંતર આવે વહાલ, દીસે ગુલાબ સરખા ગોરા ગબરૂ ગાલ, અલોલોલો હાલ્ય ખંમા હાલો, રૂડાં હાલરડા હું ગાવું મારા બાળને અલો લો લો હાલ્ય હાલ્ય. ઝુલો.
સોનાકેરો પોપટડો મંગાવું પ્રેમથી, તારા પાલણીયે બંધાવું રૂડાં રતનો જડાઉં, હીરની દોરડીએ ઝુલાઉં, હર્ષે હેલીમાં લીજાઉં, લાડકડા રજ મોટા થાવો નીશાળે મૂકીએ, ભણીશતો પરણાવીશ ગોરી વહુ ગુણ ખાણુ, લાગે મધૂરી તારી વાણુ, મારે ઉગ્યો સોના ભાણુ,

આનંદ લહાણુ, અ લો લો લો હાલ્ય હાલ્ય.
શશી બીમ્બ શમા મુખ શોભે સુંદીર બાળને, અલો લો લો
હાલ્ય હાલ્ય. ઝુલો

તંપસીંહ-- ૧૯

સરકાર કરેછે શુ પ્યારી, જાગે છે કે નીંદ્રા ધારી,
મુખ વદો પ્રીયા મુજ સુખકારી, જેથી ઉપજે આનંદકારી. સરકાર.
મુખ નીરખી વાહાલા કુંવર તણું, અંતરમાં આનંદ પામું ઘણું,
જીંદગી મુજ એથી સફળ ગણું, અળગા નવ રાખું એક ક્ષણું.
શ્રી ગોવીંદ ગુણ મુખેજ ભણું, થયા ત્રુષ્ટ દીર્ઘ દયા ધરી. સરકાર.

હંસા-- ૨૦

રસીયાજી રંગ ભીના, પ્રિય પ્રાણાધાર છો,
વ્હાલાજી છેલ છબીલા, મુજ હૈયા હાર છો. પ્રીય.
મમ ભોગી ભ્રમર છેલા, સંસાર સાર છો;
રંગમાં રમો રગીલા, યોવનના બહાર છો. પ્રીય.
સુખ દૂખના સાથી મારા, મોહનવર મારા છો. પ્રીય.

તંપસીંહ-- ૨૧

પ્રેમ વચન જેલર થઇ જકડે, પ્રીય ચિત્તવૃત્તિ કેદ પડીરે,
મધુર જંત્ર વેણુમુખ વાગે, વસ કાને નકરે આંખડીરે. પ્રેમ.
તવ તન વનમાં મમ મન મૃગલું, કબજ કર્યું તેં પ્રીયા જકડીરે. પ્રેમ.
તીક્ષણ તીર કટાક્ષજ ચાલી, મદન ફોજ ચો તરફ ચડીરે. પ્રેમ.
મન તૃષ્ણાળુ નવ રહે વસમાં, પ્રેમ જળ પીવા દોડે લડીરે. પ્રેમ.

દરબાર— ૨૨

અયે શરવર બરતર તુમપર પરવર મેહેર કરો હરદમ.
હો ચમન તનમન સનનન,

ગુલકી ગુલ ભરી, મોજકી સરદારી, દીજીએ ખુશકારી.
દીલકી હુંશીયારી પ્યારી પ્યારી મઝેદારીકા ગમ. અયે.

નુરસેં હુશન અમન ચમન બદનસેં ખુબ બને રહો.
ખુશનુંમાં રહો.
સારેગ રેગમ ગમપ મપધ પધની ધનીસા
સાનીધ નીધપ ધપમ પમગ મગરે ગરેસા. અયે.

અલાઉદ્દીન— ૨૩

કરતા હયે કયા એ હેવાન ધ્યાન મેરી આગે,
કુચ્છ નહીં બોંપ યેહ રખતા હયે મેરા,

કર દઉં કતલ મેં શીરજ તેરા,
નીકાલું મેં તેરા અભિ જાન જાન. મેરી.

તેરા રાજાકું કયું તું બઢાતા, બડા બનાકે કયું તું ચઢાતા,
ન રખતા હયે કાબુ મેં ઝબાન ધ્યાન. મેરી.

અલાઉદ્દીન— ૨૪

હો જાઓ સાવધ બહાદુર સભી દીલસેં યાર,
જોરસેં, તોરસેં. હોજા.

મારે વોહ દુશ્મીનકો માર, લેકે ખંજર ભાલા કટાર;
જાનસેં, તોફાનસેં, ગુમાનસેં, માનસેં. હોજા.

દરબાર— ૨૫

ચલીયે પ્યારે સબ સરદારે લે તલવારે કરદો હાર,
બહાદુર જંગી થઇ એક અંગી મારો કાફીરોકું માર.
યુદ્ધ ચલાકે જીતા જલાકે દીન બોલાકે કરદો પાર.
ઝંઘ મચાકે ખૂબ નચાકે મારો ખંજર ને તરવાર,

અલાઉદ્દીન—રણના દીલમેં શુર. લડના ખૂબ જરૂર,
કર દુશ્મનકુ ચુર, માર હઠાના પૂર.

દરબાર—બહોત ખુબ. બહોત ખુબ, મંઝૂર મંઝૂર મંઝૂર.
મંજુર મંજુર, મંજુર,
કરદો ઠાર, કયા હયે ભાર, રેહેનાં સબ દીલસેં હુશીઆર. ચલીયે.

અંક પેહેલો સમાપ્ત.

અંક ૨ જો.

છોકરા— ૨૬

ચાલો ચાલો સરખા સાથીઓ સ્હેલ કરવા,
પ્રેમ હરવા, મન ઠરવા, સુખ ધરવા,
અતિ આનંદ સીંધુ તરવારે હો તરવા. ચાલો.
થાળી વેચીને પણ સ્હેલ કરવી ધન ખુટે થવું વેરાગીરે,
હાલમાં તો ચમચમતા બુટે ચાલો કરી વરણાગી,
રે ચુપ, શું વદે અવિચારી,
છે દારૂમાં એવી ખ્વારી,
એ મોજ છે બહુ પ્યારી પ્યારીરે હો પ્યારી. ચાલો.

ભરવાડાઓ—   ૨૭

એ ઉભારો બાપલાં અંઇ, માર ખાઇ ખાઇ ને કેડ ભાંગી ગૈ,
આવ્યો અલાદીઓ છે આપણે હીમાડે, ઘેરેછે ગાયો ને બહુ બુમો પાડે.
ન ખમાય ઉઠે લ્હાય કરોછ હાય આવી રાય હાય ઉગારો આવી તંઇ. માર.
દોડયા છોડાવવા હમે ગાયોને, મારી કાઢયા અમો હંધા ભાઇઓને;
હું વાત કીજે નાથ તેની હાથ બાથમબાથ બહુ કીધી છે હામા થઇ.માર.
બેહી રહ્યા હૂં ઉઠોને હૂરવીર, મારો મહલમાનને જઇને તીર;
આપ રાખી ગાપ ઉઠો બાપ આ હંતાપ બહુ ચાલોને લશ્કર લઇ.માર.

તખ્તસીંહ—   ૨૮

ચરીયે ચરીને વિદારૂં, રીપુને રણમાં સૌંહારૂં,
ધડથી ઉતારૂં શીશ એજ તુરકોના તહીં ભૂમી પછાડુ. ચશી.
કટક ઝટકમ કાપુ ક્રુર થઇ કેશરી જેમ અજાદળ મહી,
ધાવું રણમાં ધીર વીર થઇ શત્રુને મારૂં સમીપ રહી.
ઝટપટ જાવું, વીજય ગજાવું, ફતેહ પાવું, ધેનું છોડાવું,
જે જગ જનુંની માતા છે, જેનાથી સુખ સાતા છે;
જે સૌને પય પાતા છે જે શકિત વરદાતા છે.
તેને શું એ તુરકડાં ઘેરે, હાય હાય ઝાંખી રહું શું એ દુઃખને,
ધિક્કાર ધિક્કાર તવ પડી માત કુખને,
ત્રાણ લઉં પાપીઓના કરી શ્યામ મુખને;
ઉડાવું ઉડાવું શીશ રીપુના રૂધીરની શરિતા ચલાવું. ચશી.

વિલાસચંદ્ર— ૨૯

કેમ બેસી રહું ઠરીને, મારૂં અરીને ક્રોધજ કરીને.
હાય પિતાજી આશું બણો........................ કેમ.
કેમ જોઇ રહું માત ધેનુ પરમાર, ઝટ જઇ ઝડપથી કરૂં તેને ઠાર;
ટુક ટુક દૌં કરીને.................................કેમ.
વેરે વેર લવું નહીં છોડુંજ લગાર, ઝટ તેને કાપી નાંખું કાઢી તલવાર.
છોડાવું ઝટ આં આં આં............................કેમ.

વિલાસચંદ્ર— ૩૦

હમે આવીશું રણમાંરે બાપુ લડવાને રણુ સંગ્રામ.
આવી અલાદીઓ ગાયો શું ઘેરશે, તો તો તમારૂં જાય નામ. હમે
ચોહાણુ કુળમાં સુત છીએ સીંહના, ઠરી બેસીશું કેમ ઠામ. હમે
ભરવાડ–હાબાશ હાબાશ મારા હુરવિર હેઠીઆ, પાકયાસો રત્ન બે નામ.
આવો બેહો ખંધોલેરે, તમને પોહોચાડીએ તમારે ધામ. હમે

હંસા— ૩૧

કદી આ તન કાપી, કરે કોઇ કટકા અતી બળે,
કદી ત્વચા ચૂંટી, અતી દુઃખ આપે કોઇ સ્થળે.
કદી રોમે રોમે, અતી શૂળ પરોવે કોઇ કળે,
તોએ નીજ સત્ય ચૂકી, સાચી સતીઓ નવ ચળે.
કદી છુંદે ભાલે, કદી દેહ હિમાલય ગળે,
કદી અગ્નિ દહથી, ભલે આ કાયા પ્રજવળે.
કદી કુ મરણુ થાએ, કદી કોઇ કપટથી છળે,
સતી સાચી છે તે, ડગે નવ મનથી કો પળે.

હંસા— ૩૨

પીયુ પાછા કદી નહિ પડજોરે, શત્રુ સામા ખુબ લડજોરે.
સીંહ સમાન શૂરા પીયુ માહરા, અજાદળમાં ટુટી પડજોરે. શત્રુ.
વશી ગ્રહીને હસ્ત તમારે, અતી બળથી યુદ્ધ કરજોરે.......શત્રુ.
પગ પાછો નવ દેશો દળમાં, ક્ષત્રી તણે ટેક ચડજોરે... ...શત્રુ.

હંસા— ૩૩

હેએ એ એ એ એ એ એ ધાવો, હઠાવો અતિ દુષ્ટ નીચ તુરકોને મારી
સૌંહારી સત્વર આવો. હેએ.

ધન્ય ધન્ય પીયુ મારા હિંમત તમારી, શાબાશ શાબાશ.
મુજ કંથજ વારી, જાઓ લટકાળા રણમાળા ધારો રણ તણી,
તે દુષ્ટોને સત્વર મારી આવો. હેએ.

તખ્તસીંહ— ૩૪

એને કરૂં જય નિશ્ચે ઠાર ઠાર, પ્રીયા શબુર શબુર કર
ધીરજ ધર ધીરજ ધર. કરૂં.

ઝટપટ ચટ શત્રુ સૌંહાર, ખડગ ગ્રહી ખંતેથી મારૂં;
પંઝાથી મુજ બાહાર જશે કયાં, શત્રુ શીશ ઉતારૂં,
ખડગ તુરક પર ચડપ ચલાવી. કરૂં.

દુધ ધાવ્યો છું ક્ષત્રાણીનું, હામ હારીશ કેમ ત રાણીનું,
રૂધીર તણી ધારા વરસાવું દુશ્મન દળને હઠાવું.
ઝનનન ઝનનન વસી ઝલકાવી. કરૂં.

વિલાસ— ૩૫

થયો હએ દળ માંડી પિતા પરે, થયો.

સુણી ચકિત ચિત્ત થાય, પિતા.
કલગીમાં કાંઇ, કપટ કરીને; ભાન ભુલાવ્યું ત્યાંહી. પિતા.
કબજ કરી અરી, જનક મારાને, દિલ્લી તરફ લઇ જાય.પિતા.
બેશી રહું કેમ હવે ઠરીને, જાવું છોડાવવાને પાય. પિતા.

હંસા—

૩૬

નીચ નફ્ટ તું જા, હત્યારા દુર થા.
ખબરદાર બદકાર ગમાર, દુષ્ટ પાપી દુષ્ટ પાપી. નીચ.
હરામી તું નવ કર, પાપે દીલ નવ ભર.

અલાઉદ્દીન—દીલબર સુખ કર

હંસા— ચૂપ કર ન થા તું ખર, જાનાદાન હેવાન.
ક્ષત્રાણી અંકુર શું તું હરશે ચંડાળ,
સીધો સીધો સમજીને ચાલ્યો તું જા.
સમજ તું ભાઇ, કાંઇ મન માંહી વિચાર.
સિંહનો શીકાર, ખાશે ન શિયાળ, સમજ ગમાર. નીચ.

ચંદ્ર—

૩૭

માજી આ શીદ મારેછ વણુ વાંકે મુને, કેમ નથી કરતી તું મારી વહારજો
વારતી નથી કેમ એને તું માવડી, કેમ થઇ બેઠી છે તું લાચારજો. માજી
છું તન લાડકવાયો માજી તાહેરો. બચીયું લેતી અંતર આણી વ્હાલજો.
તે આજે કેમ ભુલી ગઇ ઓ માવડી, છોડાવ આ શત્રુથી આણે હારજો. માજી

હંસા—

૩૮

રડન વાહાલા ચંદ્ર માહરા, છાનો રહે મુજ પ્રાણુ,
પ્રાણુથી છો પ્યારા માહરા, છાનો રહે મુજ પ્રાણુ, રડન.

પુત્ર માતુના શીયળ રક્ષણ માંહું આવે કામ,
છાનો રહે આ જગમાં થાસે, તારૂં ખોટા નામ. રુદન.
વચછે છોટી વહાલા માહરા શું શીખામણ દઉં,
સ્વાધીનથા શમ શરને લાચાર પણેથી કહું, રુદન.

ચંદ્ર— ૩૯

ચાલ ચાલ પાપી હોક ખીલો તૈયાર છું હું;
તૈયાર છું તૈયાર છું તૈયાર છું હું. ચાલ.
સીંહ તણો સુત હું છું શુરવીર, પણ પડયો બંધનમાં લાચાર છું હું. ચાલ.
એકવાર મૂક છુટો અહીં મુજને, પછી જોઇસે કેવું કેણે છે તું. ચાલ.
શરમ શરમ છે આમ બાંધી મારે મેંશના મંજને સુણ લુવેછે શું. ચાલ.
શીયળ સાચવવા મમ માતાનું, ખુશી છે મરવાને કરને ઠાર તું. ચાલ.

અંક બીજો. સમાપ્ત.

અંક ૩ જો.

હંસા— ૪૦

દાતાર શોભીત છે પણ દ્રવ્ય વિના, જેમ પંડીત વિદ્વતા વિના.
નગરી હોય પણ નૃપ વિના, તેમ દેહ ધરૂં પીય પ્રાણ વિના.
રજની હોય પણ શશી વિના. જેમ માનસરોવર નીર વિના.
ચંદન વૃક્ષ સુવર્ન વિના, તેમ દેહ ધરૂં પીય પ્રાણ વિના.

હંસા— ૪૧

થઇ નોંધારી, હાયેરે હું થઇ નોધારી.
પ્યારા પુત્રો વિના, વહાલા કંથ વિના, હાયરે.

સુત લાડીલા માહરા, હાયરે કયાં ગયા.
હશે કયાં નાથ મારા, હાયરે આશી લાચારી. હાયરે.

હાય થયા શા હાલ માહરા, કંથ મુજ જઇ કયાં વસ્યા.
શત્રુએ દગો કરી પ્યારાને ફસાવીઆ.

શુત મરાણો લાડકો બીજો પણ હસે કંઇ.
આશી આફત અમપરે દુઃખની તો સીમા નહીં.

થઇ હું રઝળતી, અતી દુખીયારીરે.
નથી હવે આશ મળવાની, ઓ હરે મોરારી. હાયરે.

હંસા— ૪૨

સુણો ભાઇ વાત તમે મારી. (૨)
છું દુખી નારી, હું વખા મારી.
આવી આફતજ શીર હમારે હાય અતિ ભારી. સુણો.

નાથ મારા વીણુ અનાથ થઈ પડી છું.
હાય, હાય, હાય, હાય,
સુત મરાણો લાડકો મારો.
થૈછું નોધારી અરેરે થૈછું નોધારી. સુણો.

નૃપની છું નાર પરિવાર ઘરબાર
થયાં ખ્વારરે, હાય, હાય, હાય,
થઈ ગઇ ખ્વારી, હાયે હાય થઇ ગઇ ખ્વારી. સુણો.

વિજયસીંહ— ૪૩

ગુફા ગીરી વનને સરોવર પર ભમી ભમી થાક્યો.
શોધી વળ્યો સઘળે પણ કેથે ફેરો નહિ પાક્યો, ગુફા.

મીત્ર તખ્તસીંહ શો આ તારો દુઃખનો દીન જાગ્યો,
તુજ કુટુંબપર દુમ દુઃખનો કેમ વધવા લાગ્યો,
વિયોગ વેદનાનો અંતરમાં વજ્ર તીર વાગ્યો,
લાગી ચોટ જેથી આશાના અંકુર મુજ ભાગ્યો,

વિજયસીંહ-- ૪૪

જાવું પ્યારા મીત્રને મળવા, કળવા છળવા,
પ્યારા મારાને છોડાવવા,
હાં આ, આ, આ, આ, આ, ...
બતાવું બતાવું હાથ એજ પુરીને.
છોડાવું છોડાવું જઇ મુજ બંધુને.
સાહે, દી,જે, જ.ગ, રા,ય, મુને તમારી.
હાં, આ, આ, આ, આ, આ, ...

વિલાસ— ૪૫

તજી તાતને વહાલી માતને પ્રિય ભ્રાતને ભમું છુંરે હાય.
વિમુખી થયો એકલવાયો નથી છાયો ભમું છુંરે હાય.
ગયું હાય રાજ્ય પુરા હાલ આજ થયા મહારાજ ભમું છુંરે હાય.
જાવું કયાંરે જોવું કયાંરે વહાલાનેરે ભમુંછું રે હાય.

૪૬

નથી સોધ કોનીરે, પ્રભુજી આશ તારી રહી.
રટું છું નામ તારૂંરે, અહલેક નામ તુહી તુહી.
દેશ વિદેશ રખડીને થાકયો, છોડી સર્વની આશ.
ભમી ભમી ભયંકર વનમાં, પામ્યો અતી હું ત્રાસ.

વિલાસ-- ૪૭

થાકયોં ફરીને સઘળે જોઇ, માર્ગ ન સીધો બતાવે કોઇ.
ઘણી વીતી છે રાત, સાંભળતું નથી કોઇ વાત, નક્કી થાસે
મારો ઘાત.
હૈયું ભરાઇ આવે છે જનાયે રોઇ. માર્ગ,

આવ્યા ભાઇઓ દરવાન.

દરવાન-- અબે કોન હયે સેતાન, કીયા કયું મુંજકો હેરાન, કાયરે
કયું નીંદ તેને મેરી ખોઇ. માર્ગ.

વિલાસ-- એજી લીજીએ રૂશવત.

દરવાન-- અહો ભાઇ સલામત.

વિલાસ-- અજી આંઇએ જનાબ.

દરવાન-- હાંહાં બહોત હયે સવાબ, અબ તેરી હુમારી મોહોબત
હુઇ. માર્ગ.

સુંદરબાળા- ૪૮

ધરૂં શીખ સારી સતી નારની,
કરૂં સુસેવાનીજ ભરથારની, ધરૂં.

શીયળ વ્રત સમજી સાચું મનમાં,
પતિ વ્રત ગુણ લહુ તનમાં. ધરૂં.

કદી કોતવ્ય નમારૂં ભુલું,
સ્વામી સેવામાં નીત્ય પ્રીતે ફુલું. ધરૂં

રીઝે કેમ સ્વામી મારા તે કહો,
પ્રસન રાખવા જેવો બોધ લહો. ધરૂં.

સતી સીતા દ્રુપતી ઉત્તમ જોડ,
તેવી પદવી લેવાના છેજ કોડ. ધ૨.

વિલાસ-- ૪૯

રાજા ગર્વ શું કરવા ધરો. (૨) છે વીરમાતા પૃથ્વીપર હજી.
નીરજ તજરે નથી જણ્યા છેજ ક્ષત્રીવીર ધરતા ધનુર વિદ્યા રાજા
શું વચન ભણો સરખા ગણો ક્રોધજ મનમાં ઉંડે ધણો.
સુણશો શું ક્ષત્રી તણો ગતનાગ કણો. રાજા.
હું છું શુરાનો સુત ક્ષત્રી તણોજ પુત્ર.
ઉડાવું ફુલને ગજાવું કુળને વિજય વિધ્યા તણો. રાજા.

સર્વ— ૫૦

શાબાશ શાબાશ શાબાશ (૩) ઉડાવી ફુલને ગજાવી કુળને
પોહોચાડી ભુપની આશ. શાબાશ.
રાખ્યો તેં ક્ષત્રીનો ટેક, મારીને બાણુજ ઠેક.
આકાશે ફેકીને લંકથી લ્હેકીને થયો તું સર્વમાં પાસ. શાબાશ.
વિધ્યાજ તારી ખરી અતી સાચી ન કાચી જરી.
ધન્ય તુને ધન્ય તુજ માતુ ધન્ય કર્યો વિજય આવાશ. શાબાશ.
વિધ્યા છે પુંજી અમુલ્ય, કોઇ કરે ન એનીજ તુલ્ય.
સીંહ શુરો પાસ, રાખે એને ખાસ, કરવા શત્રુનોજ નાશ શાબાશ

સુંદરબાળા-- ૫૧

લટક મટક લટકે પ્યારા નાથને વધાવુંરે.
નાથને વધાવું સુંદીર ફુલડાં લુંટાવુંરે. લટક.
કુખ તેં દીપાવી રાણી જાયા તુજ માતની,
ધન્ય ધન્ય શુરવીર તમને વારી જાઉંરે. લટક.

હર્ષે હૈયુ કંથજી આરોપતાં વરમાળરે.
પાણી ગ્રહણ આપથી હું કરતાં આનંદાવુંરે, લટક.

સર્વસભા-- ૫૨

કરાવો તમે તીલક પ્રેમે રાજકુમાર
સુખકાર બાળા સરદાર જય જય જયકાર. પ્રેમે.

આનંદ આનંદ આજ ધન્ય ઘડી દન,
અતિજ પ્રસન્ન થયા સઉ મન. પ્રેમે.

થાવો પ્રભુજી સાહે હરદમ તમપર,
રહો હુકમ હમપર હરનીસ,
શાંતિ વ્યાપો કષ્ટ કાપો તમે જગધર,
આપો આનંદ એજ નૃપને આવાર. પ્રેમે.

સર્વે-- ૫૩

રહયો રંગ આનંદ છે અંગ અતી આ પ્રસંગ ગતી. રહયો.
નીમક હલાલી કીધી નીજદાસે, શુ સ્વામી ભકિતમાં અતી ઉલ્હાસે
ધન્ય એવા જન નીજ મતી. રહયો.
નગર રત્ન પુરીના માહારાજા, ચોહાણ તખ્ત સકળ ગુણ ઝાઝા.
શૂરા પૂરા કીધી કીર્ત્તિ છતી. રહયો.
હંસાકુમારી તેની શુદ્ધ રાણી, રક્ષા શીયળની જકરતી એક સ્વાણી.
ડર નવ ખાયો વેરી વીપતી. રહયો.
કુંવર મરાણો એનોજ યશીયે, તોયે ન શત્રુ પંજામાં ફસાયે
ધન્ય ધન્ય એવી સતી દંપતી. રહયો.

અંક ત્રીજો સમાપ્ત.

આખરે સત્યનો જય છે.



